RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ઓખા-અયોધ્યા-ઓખા વાયા મથુરા માટે ન્યું સુપર ફાસ્ટ ટ્રેન શરૂ કરવા રેલ્વે મંત્રાલય સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળે તેમજ કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે તેઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવા હંમેશા અગ્રેસર રહે છે.

ત્યારે દ્વારકા અને અયોધ્યા અત્યંત ધાર્મિક અને ઔતીહાસીક મહત્વ ધરાવતા શહેરોની દેશ-વિદેશના લાખો યાત્રીઓ ભાવ અને શ્રધ્ધાપુર્વક મુલાકાત લે છે. પરંતુ આ બન્ને શહેરો વચ્ચે ડાયરેકટ રેલ્વે સેવા ઉપલબ્ધ ન હોવાને કારણે યાત્રીકોને પારાવાર મુશ્કેલી, નાણાંકીય નુકશાન તથા સમયનો વ્યય થતો હોય છે. તેથી યાત્રીઓના વિશાળ સમુહને ધ્યાને લઈ ઓખા-અયોધ્યા-ઓખા વાયા મથુરા માટે સપ્તાહમાં બે વખત ન્યું સુપર ફાસ્ટ ટ્રેન તાત્કાલીક શરૂ કરવા તેમજ સૌરાષ્ટ્રમાંથી હજારોની સંખ્યામાં વેપાર-ઉધોગકારો અને આમજનતાના વિશાળ સમુદાયને ધ્યાનમાં રાખી રાજકોટ-અયોધ્યા માટેની ડાયરેકટ ટ્રેન શરૂ કરવી.

વધુમાં રાજકોટ-સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ રાજકોટ થી દેશના અન્ય શહેરોમાં મુસાફરી કરવા માટે રેલ્વે સુવિધાનો મુસાફરો રોજ બરોજ ખુબ જ વધારે લાભ લેતા હોવાથી રાજકોટને વધુમાં વધુ ટ્રેનો ફાળવવા બાબતે કેન્દ્રીય મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી તથા રાજકોટ પ્રભારીશ્રી રાઘવજીભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.